# મોડાસામાં ભયાનક શંકાસ્પદ રોગથી બે બાળકોના મોત

## ચંદીપુરમ અથવા ગુબીયનબાર રોગ હોવાની તબીબોની આશંકા

મોડાસા, તા. ૨૫

મોડાસામાં ભયાનક શંકાસ્પદ રોગ ચંદીપુરમ અથવા ગુબીયનબારે માથુ ઉંચકતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં મોતને ભેટ્યા હતા. આ શંકાસ્પદ રોગને લઈ ભારે હાહાકાર મચી જવા પામ્યો છે. તો બીજી તરફ જિલ્લા આરોગ્ય વિભાગ પણ દોડતુ થઈ ગયું છે.

અરવલ્લી જિલ્લાના મોડાસાની સાર્વજનિક અને ખાનગી હોસ્પિટલોમાં આસપાસના વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં દર્દીઓ સારવાર અર્થે આવે છે. જેમાં ત્રણ દિવસ પહેલા પંચમહાલ જિલ્લાના વડાગામના જગદીશ ખાંટ ઉં.વ. ૩ અને વિક્રમ લક્ષ્મણભાઈ પગી ઉં.વ. ૪ બન્ને બાળકોને થોડાક સમય પહેલા તાવ અને હાથપગનો દુઃખાવો થવાથી પ્રાથમિક સારવાર લેવા છતાં આરામ ન થવાની અને આ બન્ને બાળકોને ચંદીપુરમ જેવા પ્રાથમિક લક્ષણો જણાતા તાત્કાલિક મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બન્ને બાળકોને સારવાર આપવાની શરૂઆત કરતા જ સારવાર કારગર ન નીવડતા મોત નિપજ્યા હતા. આ બન્ને બાળકોના રોગના લક્ષણો ચાંદીપુરમ રોગને મળતા આવતા હોવાથી ખાનગી દવાખાનાના ડૉક્ટર દ્વારા જાણવા મળ્યું હતું. મધ્ય ગુજરાત સહિત ઉત્તર ગુજરાતમાં પણ આ રોગે માથુ ઉંચકતા હાહાકાર મચ્યો છે. આ રોગ ફેલાવાનું મુખ્યત્વે કારણ માખીઓ હોવાથી મોડાસાની જનતા હાલ ભયના ઓથાર હેઠળ આવી ગઈ છે.



(તસવીર : જયઅમીન, મોડાસા)



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસાના વિશ્વકર્મા નગરમાં માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતાં રહિશોની હાલત કફોડી બની ગઈ છે. ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા નગર વોર્ડ ૧૦ માં રોડ એકદમ ભંગાર છે. ૨૫ વર્ષે અગાઉ બનેલ આ સોસાયટીના માર્ગે પર ઢીંચણ સમા ખાડી પડેલા છે. અત્યારે ચોમાસાના કારણે તેમાં પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે. અહીં મોટર સાયકલ અને રિક્ષા જેવા વાહનો પસાર થઈ શકતા જ નથી. આ વિસ્તારમાં રસ્તા અને ગંદકીનો પ્રશ્ન કાયમીનો છે. પરંતુ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરાતી નથી. પરંતુ ચોમાસુ આવતા જ સમસ્યામાં વધારો થઈ ગયો છે. રોડ, ગટર અને સફાઈની બાબતમાં તંત્ર દ્વારા લાપરવાહી દાખવવામાં આવતા લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

# ડીસામાં ભાજપ પાલિકા પ્રમુખ-ઉપપ્રમુખ વિરુદ્ધ 'અવિશ્વાસ દરખાસ્ત' રજૂ કરાઈ

ડીસા, તા. ૨૫

દેશ અને ગુજરાતમાં જયાં સહકારી માળખાથી લઈ ગ્રામ પંચાયત અને પાલિકા તેમજ વિધાન સભાની પેટા ચુંટણીઓમાં પણ ભાજપનો ભગવો સર્વત્ર લહેરાઈ રહ્યો છે ત્યારે ડીસામાં ભાજપ શાસિત નગરપાલિકામાં ઉલટી ગંગા જોવા મળી હતી. જેમાં આજરોજ પાલિકા -મુખ ડો. તેજલબેન પટેલ દ્વારા જનરલ બોર્ડ લેવાયાનાં ગણતરીનાં કલાકમાં અન્ય ચુટાયેલા સદસ્યોએ -મુખ અને ઉપ -મુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજુ થતા ભાજપને ડીસા નગરપાલિકા ગુમાવાનો વારો આવી સકે છે.

બનાસકાંઠાની ડીસા નગરપાલિકામાં અવિશ્વાસની દરખાસ્ત આવતા ભાજપમાં રાજકીય ભૂકંપ જેવો માહોલ સર્જાયો છે. ડીસા નગરપાલિકાનાં વર્તમાન ભાજપનાં ડો. તેજલબેન પટેલ અને ઉપ-મુખ નીલેશ ઠક્કર વિરુદ્ધ કોન્ગ્રેશના ૪ સભ્યો અને અપક્ષના ૧૪ સભ્યોની સહી સાથેની અવિશ્વાસની દરખાસ્ત રજુ થઈ છે. ભાજપને ટેકો આપનાર ૪ અપક્ષના સભ્યો પણ અવિશ્વાસની દરખાસ્તમાં જોડતા ભાજપને ડીસા નાગરપાલિકા ખોવાનો વારો આવ્યો છે.

આ બાબતે ડીસા પાલિકા ચીફ ઓફિસર હેમંત પટેલે જણાવ્યું હતું કે અત્રેની કચેરીમાં મારી સમક્ષ પાલિકાનાં ચુટાયેલા ૧૪ સદસ્યો



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

દ્વારા પાલિકા -મુખ - ઉપ -મુખ સામે અવિશ્વાસની લેખિત દરખાસ્ત આપી છે. જે યોગ્ય સત્તા મંડલ સમક્ષ આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવશે.

બનાસકાંઠાનાં ડીસા નગરપાલિકા ચુંટણીમાં બાર વોર્ડોમાં ભાજપનાં ૧૬, કોન્ગ્રેસ્સનાં ચાર અને અપક્ષો ૧૬ સહીત કુલ ૩૬ સદસ્યો ચુટાયા હતા. જોકે -થમ અઢી વર્ષની ટર્મમાં કોગ્રેસ્સનાં વિપુલ શાહ અપક્ષોનાં ટેકાથી -મુખ બન્યા હતા. જોકે તે બાદની વિપરીત પરીસ્તીથીમાં ભાજપે બીજી ટર્મમાં અપક્ષોનાં ટેકાથી સત્તા મેળવી હતી અને ભાજપનાં ડો. તેજલબેન પટેલ -મુખ પદે આરૂઢ થયા હતા. જોકે થોડા સમય પહેલા જ તેમના વિરુદ્ધ અવિશ્સ્વાસની કેટલાક સભ્યોએ દરખાસ્ત લાવી હતી. જોકે તે પુરતા સભ્યોનાં ટેકા વિનાની હોઈ ઉડી ગઈ હતી. જોકે તે બાદ આજરોજ ડીસા પાલિકાનું જનરલ બોર્ડ હતું અને પાલિકા -મુખ ડો. તેજલબેન પટેલે આ જનરલ બોર્ડ સંબોધી એજન્ડા મુજબનાં વિકાસનાં કેટલાક કામોને આગળ ધપાવવાની કામગીરી શરુ કરી હતી. ત્યારે જ અમુક સભ્યોએ તેમને પાણી લિત અને વિશ્વાસમાં ના લેતા હોવાના મુદે તેમને ઘેરવાનો -યત્ન કર્યો હતો અને તે બાદ કોન્ગ્રેશનાં પૂર્વ -મુખ વિપુલ શાહ અને અન્ય ૧૪ સભ્યોએ -મુખ અને ઉપ-મુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરી હતી.

અગાઉની અવિશ્વાસની રજુ થયેલી દરખાસ્ત કરતા હાલની સ્તીથી અલગ છે કેમ કે, કેટલાક મોટા ગજાનાં સદસ્યો અને ખુદ ભાજપનાં જ કેટલાક લોકો આ અવિશ્વાસ ની દરખાસ્ત પસાર કરવાની પેરવીમાં છે, તો વળી તાજેતરમાં ડીસા વિધાનસભાની આવનારી પેટા ચુંટણીમાં મહિલા ૩૩:/: અનામતમાં જો ટીકીટ ફાળવવાની વાત આગળ આવી છે તેવા સંજોગોમાં ડો. તેજલબેન પટેલ રાજયનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નજીક ગણાતા તેમની પર પસંદગીનો કળશ ઢોળાશે તેવી ભીતિથી નવા ગોઠવાયેલા ડર્ટી પોલીટીક્સનાં હાથા બનેલા કેટલાક ભાજપ પાર્ટીનાં જ કાર્યકરો પડદા પાછળથી પાલિકા -મુખપદેથી ડો. તેજલબેનનું પત્તું કાપવા મેદાને પડેલ છે. ત્યારે એકલા અટુલા પડેલા ભાજપી પાલિકા -મુખ માટે આ બીજી વખતની અવિશ્વાસની રજુ થયેલી દરખાસ્ત મોટો પડકાર બનેલ છે, ત્યારે પૂર્વ -મુખ વિપુલ શાહ અને તેમના સાથી સદસ્યોની મજબુત સ્તીથી જોતા પાલિકાને આ વખતે સત્તા ગુમાવવાનો વારો આવે તેવું જણાઈ રહ્યું છે.

# હિંમતનગરમાંથી ૯ લાખના વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે બે ઝડપાયા

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના સહકારી જીન ચાર રસ્તે વાહન ચેકીંગ દરમિયાન ગુરૂવારે મોડી રાત્રીના સમયે એ ડીવીઝન પોલીસે રૂ. ૯ લાખથી વધુના વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે બે ને ઝડપી પાડી તેમના વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ ગુરૂવારે રાત્રીના સમયે સહકારી જીન ચાર રસ્તે વાહન ચેકીંગ કરી રહી હતી ત્યારે ૧૧ વાગેના સમયે રાજસ્થાન તરફથી આવી રહેલ મીની ટ્રક એચ.આર.-૩૯-ટી-૬૪૩૬ ને રોકી તેમાં તપાસ કરતા મહેંદીના પાવડરના કટ્ટા નીચે સંતાડેલી વિદેશી દારૂની પેટી નંગ-૨૦૫ કિંમત રૂ. ૯ લાખ ૯૭ હજાર ૨૦૦ નો મળી આવ્યો હતો. જેથી પોલીસે મહેંદીના પાવડરના કટ્ટા-૧૬૨ કિંમત રૂ. ૧ લાખ ૨૯ હજાર ૬૦૦ અને ટ્રક ૧૨ લાખ મળી કુલ રૂ. ૨૩ લાખ ૨૭ હજાર ૩૦૦ નો મુદ્દામાલ કબજે લઈ હરિયાણાના ફરીદાબાદ જિલ્લાના ફરીદાબાદ બાય પાસ રોડ પરના જીવનકાંટા સેક્ટર-૧૮ના રહેવાસી નગેન્દ્રસિંહ ભગવંતસીંગ ભૂંજાર (રાજપૂત) અને આસુ ભરદુલ યાદવ બંને વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

દુઃખીજનોના દુઃખ હરનારી મા દશામાના આવતીકાલ અમાસથી પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે પ્રાંતિજના બજારમાં વ્રત માટેની સામગ્રી, મૂર્તિ, પૂજાપો, ફૂલહાર ખરીદવા મહિલાઓની ભારે ભીડ જોવા મળી રહી છે.

# કેળવણી મંડળ મોડાસાની હાઈસ્કુલમાં સરસ્વતી વંદનાનો કાર્યક્રમ યોજાયો

મોડાસા તા.૨૫

અરવલ્લી જીલ્લાનુ મુખ્ય મથક મોડા શહેર એટલે શિક્ષણની નગરી તરીકે ઓળખાય છે. આ શિક્ષણની નગરી દ્વારા કઈ કેટલાય ડોકટર, એન્જીનીયર અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓ સમાજને આપયા છે.

ત્યારે કેળવણી મંડળ મોડાસા ધ્વાર ધો.૯ થી ધો .૧૨ માં પ્રથમ ચરણમાં આવેલ વિદ્યાર્થીઓને મોમેન્ટો અર્પણ કરી સન્માનવાનો કાર્યક્રમ આજે મોડાસાના ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો હતો.

મોડાસાની કેળવણી મંડળ સંચાલીત સ્કુલો જેવી કે મોડાસા કે. એન. શાહ, શ્રીજી બુટાલા અને કલરવ શીસુ વિકાસ કેન્દ્ર જેવી સંસ્થાઓ ચલાવામાં આવે છે. આ સ્કુલોમાં આજરોજ સરસ્વતી વંદનાનો કૃાયક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાત રાજય માધ્યમીક શિક્ષણ બોર્ડમાં સ્થાન મેળવતા વિદ્યાર્થીઓને પ્રાણલાલ ગીરધરલાલ યુ.એસ.એ. તરફથી પુરસ્કાર આપવામાં આવ્યા હતા અને બીજા બાળકોને કેળવણી મંડળના પ્રમુખ બીપીનભાઈ શાહના હસ્તે મોમેન્ટો અર્પણ કરી વીદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.



પાલનપુર નજીક આવેલ માલણ ગામનો બસસ્ટેન્ડથી ગામ તરફ જતો માર્ગ પ્રથમ વરસાદની સાથે જ ધોવાઈ ગયો છે. માર્ગની હાલત બદતર થઈ જતા રહિશોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. (હરેશ જી. જોષી, પાલનપુર)

# અરવલ્લી જિલ્લાની જીલ્લા કક્ષાની ચિંતન શિબિર શામળાજી ખાતે યોજાઈ

મોડાસા, તા. ૨૫

કુદરતના ખોળે વસેલુ પ્રકૃત્તિ જયાં સદાકાળ ખીલીતી રહે છે તેવા અરવલ્લી જીલ્લાના શામળાજી ખાતે જિલ્લા વહીવટી તંત્રના અધીકારીઓની ચિંતન શીબીર જિલ્લા કલેક્ટર શ્રી બી. જે. ભટ્ટ અને જીલ્લા વિકાસ અધીકારીશ્રી નાગરાજનની પ્રેરક ઉપસ્થીતીમાં યોજાઈ હતી.

જિલ્લા કલેકટરશ્રીએ દીપ પ્રાગટય કરી આ કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો તેમજ ઉપસ્થીત અધીકારીઓની હાજરીમાં પ્રેરક ઉદબોધન કરતાં જણાવ્યુ હતુ કે વિચારોના આદાન-પ્રદાન થકી સરકારમાં રહી અસરકારક કામગીરી થઈ શકે તે માટેની આ ચિંતન શીબીર છે. રાજય સરકારની વીવીધ અમલીયોજનાઓનો લાભ સામાન્ય માનવીને સરળતાથી મળી શકે તેવો વહીવટ કરવા જણાવ્યુ હતુ.

આ ચિંતન શિબીરમાં તજજ્ઞશ્રી પ્રકાશ મોદીએ અધિકારીઓને સરકારી નોકરીને માત્ર ફરજ ન ગણી પોતાના વિભાગમાં નવી પ્રવૃતી માટે સમય ફાળવવો. જેથી તનાવમુકત રહીને પણ સરકારમાં કામ કરી શકાય છે. જયારે આર. જે. પટેલે વનબંધુ વિકાસમાં કર્મયોગની ભુમીકા વનમાં વસતા વનબંધુઓ માટે આત્મીયતા કેળવી તેમના કલ્યાણ માટે સતત પરયત્નશીલ રહેવા માર્ગદર્શન આપ્યુ હતું.

આ શિબીરમાં અરવલ્લી જિલ્લાના ભવિષ્યના વીકાસની દિશાસુચન માટે ૬ ગ્રુપમાં ચર્ચા મનન ચિંતન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે શીબીરમાં નીયામકશ્રી, ગ્રામ વીકાસ એજન્સી. શ્રીમતી ભાર્ગવી દવે, એસ.પી. મયુર ચાવડા, અધીક કલેકટર શ્રી એ. બી. પટેલ સહીત અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થીત રહયા હતા.



# રાખી મેળા અંગે પાલનપુર ખાતે વિડિયો કોન્ફરન્સ યોજાઈ

મહિલા સશક્તિકરણના -યત્નોને વેગ આપવા આગામી રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે રાખડી અને રાખડી સંબંધિત ચીજવસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને સીધે સીધુ બજાર મળી રહે તે માટે સમગ્ર રાજયમાં તા.૬, ૭ અને ૮ મી ઓગષ્ટ દરમ્યાન જિલ્લાના હેડક્વાર્ટર અને નગરપાલિકા વિસ્તારમાં રાખી મેળા યોજવાનું આયોજન કરવામાં આવ્યુ છે.

# પોગલુમાં ગ્રાહક જાગૃતિ શિબિર યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૫

એસ.જી. પટેલ હાઈસ્કૂલ એન્ડ શ્રીમતિ જે.એસ. કે. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલ, પોગલુ, તા. પ્રાંતિજ દ્વારા ચાલતા 'કન્ઝ્યુમર્સ ક્લબ યોજના' અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિ ક્ષેત્રે જાગૃત બને તે માટે ગ્રાહક જાગૃતિ શિબિર' યોજાઈ હતી.

આ શિબિર દરમ્યાન ગ્રાહક હિત સુરક્ષા મંડળ, પ્રાંતિજના પ્રમુખ નટુભાઈ બારોટ હાજર રહીને ગ્રાહક સુરક્ષા અધિનિયમ-૧૯૮૬, તોલમાપ, ભેળસેળ તેમજ ગ્રાહક જાગૃતિના વિવિધ કાયદાઓ અંગેની વિસ્તૃતમાં માહિતીઓ વિદ્યાર્થીઓને સમજાવી હતી અને વિવિધ પુછાયેલ પ્રશ્નોના જવાબો આપેલ હતા.

શાળાના આચાર્ય નવનિતભાઈ પટેલે પોગલુ હાઈસ્કૂલ ખાતે ચાલતા 'કન્ઝ્યુમર્સ ક્લબ યોજના' અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓદ્વારા ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિ ક્ષેત્રએ કરી રહેલ પ્રવૃત્તિઓની વિગતો સમજાવી હતી. આ શિબિરમાં શાળાના ૧૪૦ વિદ્યાર્થીઓ હાજર રહીને માહિતી મેળવેલ હતી તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાસ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦